ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
અધિસૂચના ક્રમાંક: એપીપી/૧૦૨૦૧૬/૫૧૬૬૫૫/ઇ૩
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨/૭/૨૦૨૧

વંચાણે લીધા :

૧. સા.વ.વિ.નો તા. 30/03/૧૯૮૯ નો પરિપત્ર ક્રમાંક : પીઆરઓ-૧૦૮૮-૧૭૦૯-ગ-૨

૨. ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગના તા. ૧૮/૦૧/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક : જીએન-૨ ઓફ ૨૦૧૭/આરઆરજી/૧૦૨૦૧૪/૭૨૨૮૮/ઇ૩

3. ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગની તા. ૨૭/૧૧/૨૦૧૮ અને તા. 30/૫/૨૦૧૯ ની સમાનાંકી અધિસૂચના ક્રમાંક : એપીપી/૧૦૨૦૧૬/૫૧૬૬૫૫/ઈ૩

અધિસૂચના :

ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંક : ૪૧/૨૦૧૭-૧૮ અન્વયે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાના પરીણામના આધારે સીધી ભરતીથી પસંદગી પામેલ ઉમેદવારોને વિભાગની ઉક્ત વંચાણમાં લીધેલ તા. ૨૭/૧૧/૨૦૧૮ અને તા. 30/૫/૨૦૧૯ ની સમાનાંકી અધિસૂચનાથી ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ તરીકે નિમણૂકની જગ્યાએ હાજર થાય તે તારીખથી ૨ વર્ષના સમય માટે તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે અજમાયશી ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ તરીકે નીચેના પત્રકમાં દર્શાવ્યાનુસાર વર્તુળ ખાતે નિમણૂક આપવામાં આવેલ છે:

| ક્રમ | ઉમેદવારનું નામ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ તરીકે નિમણુંકનું સ્થળ/વર્તુળ |
|---|---|---|
| 1 | 2 | 3 |
| ૧ | શ્રી પાર્થ રોહિત સમાણી | અધીક્ષક ઇજનેર, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ હેઠળ |
| ૨ | શ્રી વિનાયક કમલેશ પંડ્યા | અધીક્ષક ઇજનેર, વડોદરા સિંચાઈ વર્તુળ, વડોદરા હેઠળ |
| 3 | કુ. માધવી દિનેશભાઈ ડાભી | અધીક્ષક ઇજનેર, મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગર હેઠળ |
| ૪ | શ્રી રાઘવદાન કરણીદાન ગઢવી | અધીક્ષક ઇજનેર, રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ, રાજકોટ હેઠળ |
| ૫ | શ્રી મૌલિક કનૈયાલાલ પટેલ | સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ, ગાંધીનગર હેઠળ |
| ૬ | કુ. બીનલ નારસિંગ રાઠોડ | સંયુક્ત નિયામક(સિંચાઇ), ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા હેઠળ |

| ૭ | શ્રીમતિ ઉર્જા રોનક પટેલ | સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ, ગાંધીનગર હેઠળ |
|---|---|---|

૨. વંચાણમાં લીધેલ ઉક્ત ક્રમ ૨. અન્વયે, ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ સંવર્ગના ભરતી નિયમના મુદ્દા નં. ૬ મુજબ અજમાયશી ભૂસ્તરશાસ્ત્રીએ "તેમના અજમાયશી સમયગાળા દરમિયાન રાજ્યપત્રિત અધિકારી પૂર્વ સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ ની જોગવાઈ અનુસાર પૂર્વ સેવા તાલીમ લેવાની રહે છે તથા તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહે છે." તે મુજબની જોગવાઇ છે. આ તમામ ઉમેદવારોને પ્રથમ નિમણૂકથી બે વર્ષ થયા છે તેમજ પૂર્વ સેવા તાલીમ પૂર્ણ થયેલ છે, પરંતુ સદર અજમાયશી ભૂસ્તરશાસ્ત્રીઓની પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષાનું આયોજન થયેલ ન હોવાથી ભરતી નિયમની જોગવાઇ મુજબ તેઓ પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા નિયત તકોમાં પાસ કરે ત્યાં સુધી તેઓનો અજમાયશી સમય લંબાવવામાં આવે છે. જે અજમાયશી ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ તાલીમાંત પરીક્ષા નિયત તકોમાં ઉત્તીર્ણ થયેથી તથા અન્ય તમામ નિયત શરતો સંતોષતા હશે તો અજમાયશી સમય પશ્ચાદ્વર્તી અસરથી સમાપ્ત કરવા અંગેની વિચારણા કરવામાં આવશે.

૩. <u>કામગીરી મુલ્યાંકન અહેવાલ</u>: ઉક્ત વંચાણમાં લીધેલ ક્રમ ૩. ની સમાનાંકી અધિસૂચનાથી સદર અજમાયશી ભૂસ્તરશાસ્ત્રીઓને નિયમિત જગ્યાએ કામગીરી માટે નિમણૂક આપવામાં આવેલ છે. જે અન્વયે નવી જગ્યાએ હાજર થયા તારીખથી અજમાયશી સમયના "વાર્ષિક મુલ્યાંકન અહેવાલ" લખવાના રહે છે. સા.વ.વિ.નો તા. ૩૦/૦૩/૧૯૮૯ નો પરિપત્ર ક્રમાંક : પીઆરઓ-૧૦૮૮-૧૭૦૯-ગ-૨ અને તા. ૦૯/૦૬/૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક : પીઆરઓ-૧૦૮૯-૫૦૬૮-ગ-૨ ની જોઇગવાઇઓ મુજબ તેઓના ૨ વર્ષના અજમાયશી સમયગાળા દરમિયાન ભોગવેલ રજાઓ તથા ફરજ પર જોડાવાના સમય જેટલો સમય લંબાવ્યા બાદથી આ અજમાયશી ભૂસ્તરશાસ્ત્રીઓના "વાર્ષિક મુલ્યાંકન અહેવાલ" (off line) અને ખાનગી અહેવાલ ("PAR" - online) સંબંધિત ખાતાના વડાશ્રી/અધીક્ષક ઇજનેરશ્રીએ લખવાના રહેશે અને "વાર્ષિક મુલ્યાંકન અહેવાલ" અસલમાં વિભાગને મોકલી આપવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એલ. જી. મહીડા)
નાયબ સચિવ
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

.....................................................................................................

અધિસૂચના ક્રમાંક: એપીપી/૧૦૨૦૧૬/૫૧૬૬૫૫/ઇ૩

ગુજરાત સરકાર,
ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨/૭/૨૦૨૧

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ
- સચિવશ્રી(જ.સં.)ના અંગત મદદનીશશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર તરફ જાણ સારૂ (પત્ર દ્વારા)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- આસી. જનરલ મેનેજરશ્રી(પર્સોનલ), સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ, ગાંધીનગર તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ
- અધીક્ષક ઇજનેરશ્રી, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ તરફ હુકમની અમલવારી સારૂ
- અધીક્ષક ઇજનેરશ્રી, વડોદરા સિંચાઇ વર્તુળ, વડોદરા તરફ હુકમની અમલવારી સારૂ
- અધીક્ષક ઇજનેરશ્રી, રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ રાજકોટ તરફ હુકમની અમલવારી સારૂ
- સંયુક્ત નિયામકશ્રી(સિંચાઇ), ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા તરફ હુકમની અમલવારી સારૂ
- અધીક્ષક ઇજનેરશ્રી, મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગર તરફ હુકમની અમલવારી સારૂ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી મારફત સંબંધિત ખાતાના વડાશ્રી/અધીક્ષક ઇજનેરશ્રી
- સંબંધિત અજમાયશી ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ તરફ જાણ સારૂ મારફત સંબંધિત ખાતાના વડાશ્રી/અધીક્ષક ઇજનેરશ્રી
- સેકશન અધિકારીશ્રી, HRMS CELL, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ
- સેકશન અધિકારીશ્રી, ઇ શાખા/ઇ૨ શાખા/ઇ૬ શાખા/ગ૨ શાખા, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ
- વેબ ઇન્ચાર્જશ્રી, આઇટી શાખા, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૧

P R Chaudhari

(પી. આર. ચૌધરી)

સેકશન અધિકારી

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ